ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



**મીનાબેન બ્રહ્મભટ્ટ**
મો. ૯૯૦૯૯ ૬૩૫૫૯



**મોના તેજસ પરમાર**
મો. ૮૦૦૦૦ ૪૨૪૦૩




**પાર્થ જોષી**



**એન્જેલિના જહોન**
ફોન : ૨૩૨૩૬૨૯૮



**ઋતુ મેહુલ પ્રજાપતિ**
મો. ૯૪૨૬૩ ૧૦૩૯૬

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# સંસ્કાર ભારતી દ્વારા શનિવારે સંસ્કારોત્સવ

## રાજ્યના ૧૯ કલાકારોની સાથે ગાંધીનગરનું ગૌરવ એવા કલાકાર ભીખુદાન ગઢવીનું પણ સન્માન કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૫

ભારતીય કલા-સંસ્કૃતિના ઉત્થાન, પોષણ અને સંવર્ધન માટે પ્રયત્નશીલ સંસ્કાર ભારતી દ્વારા શનિવારે સંસ્કારોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે, જે અંતર્ગત રાજ્યના ૧૯ કલાકારોની સાથે ગાંધીનગરનું ગૌરવ એવા કલાકાર ભીખુદાન ગઢવીનું પણ સન્માન થઈ રહ્યું છે. સંસ્કાર ભારતીના ગુજરાત પ્રાંત અધ્યક્ષ ડૉ. રાજુજી પરમાર અને કાર્યાધ્યક્ષ ઓજસ હિરાણીએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે સંસ્કાર ભારતીના રજય જયંતિ મહોત્સવના રૂડા અવસરે સંસ્કાર ભારતી ગુજરાત પ્રાંત દ્વારા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સહયોગથી 'સંસ્કારોત્સવ'નું આયોજન તારીખ ૭ જાન્યુઆરી ને શનિવારના રોજ સાંજે ૬ કલાકે મૅડિકલ કૉલેજ ઑડિટોરિયમ, સિવિલ હૉસ્પિટલ કંપાઉન્ડ, સૅક્ટર-૧૨, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે આયોજિત સમારોહના અધ્યક્ષ તરીકે ગુજરાતના રાજ્યપાલ ઓમપ્રકાશ કોહલી, મુખ્ય અતિથિ તરીકે સંસ્કારભારતીના અખિલ ભારતીય સંગઠન મંત્રી ગણેશસંપત રોડે, અતિથિ વિશેષ



તરીકે ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ યોગેશભાઈ ગઢવી ઉપસ્થિત રહેશે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, પશ્ચિમ ક્ષેત્રના સંઘ સંચાલક જયંતિભાઈ ભાડેશિયાની આ પ્રસંગે વિશેષ ઉપસ્થિતિ રહેશે.

આ પ્રસંગે સંસ્કાર ભારતી ગુજરાત પ્રાંત દ્વારા રાજ્યના વિવિધ ક્ષેત્રોના કલાકારોને સન્માનિત કરવાનો પણ ઉપક્રમ યોજવામાં આવ્યો છે.

લોકસંગીત ક્ષેત્રે ભીખુદાન ગઢવી, લેખન (સાહિત્ય) ક્ષેત્રે પરાજિત પટેલ, સંગીત ક્ષેત્રે જયદેવ ભોજક, સુગમ સંગીત નયનેશ જાની, નૃત્ય ક્ષેત્રે ધરમશી શાહ, લોકકલા-સાહિત્યક્ષેત્રે જોરાવરસિંહ જાદવ, સાહિત્ય ક્ષેત્રે માધવ રામાનૂજ, અભિનય ક્ષેત્રે અન્નપૂર્ણા શુક્લ, શાસ્ત્રીય સંગીત ક્ષેત્રે નીરજ પરીખ, ચિત્રકલા કનુભાઈ પટેલ, નૃત્ય ક્ષેત્રે ભરત બારીયા, ચિત્રકલા રમણીકભાઈ ઝાંપડીયા, નાટ્ય ક્ષેત્રે કપિલદેવ શુક્લ, લોકસાહિત્ય ક્ષેત્રે 'કવિ દાદ', લોકનૃત્ય રાણાભાઈ શીદાભાઈ, ભજન ક્ષેત્રે હેમંતભાઈ ચૌહાણ, લોકસાહિત્ય ક્ષેત્રે ધીરુભાઈ સરવૈયા, ચિત્રકલા ક્ષેત્રે છગનભાઈ પટેલ અને ચિત્રકલા ક્ષેત્રે નવિન સોનીને આ કાર્યક્રમ અંતર્ગત સન્માનિત કરવામાં આવશે.



સેકટર-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ શાળાના ઈકો કલબના કુલ ૫૦ વિદ્યાર્થીઓએ તા. ૨૭/૧૨/૧૬ ના રોજ જામનગર (પોસીત્રા) મુકામે ''પ્રકૃતિ શિક્ષણ શિબિર' માં ભાગ લીધો હતો.આ શિબિર માં વિદ્યાર્થીઓએ વિવિધ દરિયાઈ જીવો જેવા કે ઓકટોપસ, પફરફીશ, સ્ટારફીશ, દરિયાઈ સસલું, દરિયાઈ કાકડી તેમજ કોરલ,મેનગ્રુવ જંગલો વગેરે પ્રત્યક્ષ જોઈ તેની સવિસ્તાર માહિતી મેળવી હતી. આ ઉપરાંત ઓખા-મઢી ખાતે આવેલ કાચબા ઉછેર કેન્દ્રની પણ મુલાકાત લીધી હતી.આ શિબિરનું આયોજન શાળાના ઈકો કલબ શિક્ષિકા શ્રીમતી હેમાંગીની દિપંકરે આચાર્યા સિસ્ટર રેણુકા એ.સી.ના માર્ગદર્શન હેઠળ કર્યું હતું.




નહેરુ યુવા કેન્દ્ર સંગઠન, ગાંધીનગર દ્વારા 'રાષ્ટ્રનિર્માણમાં યુવાનોની ભૂમિકા' વિષયે રાજ્યકક્ષાની વક્તૃત્ત્વ સ્પર્ધાનું આયોજન ગુરુવારે કરવામાં આવ્યું હતું. અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ ખાતે આયોજિત આ સ્પર્ધામાં નડિયાદ જિલ્લાના વિદ્યાર્થી કર્મવીરસિંહ ચૌહાણ અને ગાંધીનગર જિલ્લાની વિદ્યાર્થીની અંજલિ પટેલે ભાગ લીધો હતો. નિર્ણાયક તરીકે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના નિવૃત્ત અધિકારી સંજય પંડ્યા, યુવા દિશા કેન્દ્રના પ્રમુખ સંજીવ મહેતા અને રાજ્ય સરકારના માન્યતાપ્રાપ્ત કલાકાર કુંતલ નિમાવત દ્વારા પોતાની સેવાઓ આપવામાં આવી હતી. આ પ્રસંગે નહેરુ યુવા કેન્દ્ર સંગઠન, ગાંધીનગરના ડેપ્યુટી ડિરેક્ટર શ્યામ રાજ પુરોહિત તથા નહેરુ યુવા કેન્દ્રના ઍકાઉન્ટ ઑફિસર ભાનુભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે સ્વાગતવિધિ નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગરના યુવા સંયોજક રજનીકાન્ત સુથાર દ્વારા કરવામાં આવી હતી. અંતે આભાર દર્શન અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના ઍનઍસઍસ પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર ડૉ. રણછોડ રથવી દ્વારા કરવામાં આવી હતી.

સ્પર્ધા બાદ અંજલિ પટેલને વિજેતા જાહેર કરવામાં આવી હતી. અંજલિ હવે રાષ્ટ્રકક્ષાએ રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે.

અશ્વિનભાઈ એ કૉલેજ પરિવારની આ વિદ્યાર્થીનીએ કૉલેજને પુનઃ એકવાર ગૌરવ અપાવતાં કૉલેજ પરિવાર વતી પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞા ઓઝાએ તેને બિરદાવી અભિનંદન તથા રાષ્ટ્રકક્ષાની સ્પર્ધા માટે શુભકામનાઓ પાઠવી હતી.

## ડાયરેક્ટ ❤ સે

જી લો હર લમ્હા
બીત જાને સે પહેલે
લૌટકર યાદેં આતી હૈ
ગુજરા હુઆ વક્ત નહીં

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
દંગલ
૧૨.૩૦, ૩.૩૦
૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
પૅસેન્જર્સ (અંગ્રેજી, ૩ડી)
૫.૦૦, ૧૦.૦૦
પૅસેન્જર્સ (હિન્દી, ૩ડી)
૨.૦૦, ૭.૪૫

**સ્ક્રીન-૪**
તી સંધ્યા કાય કરતે (મરાઠી)
૭.૦૦
કૂખ (ગુજરાતી)
૪.૦૦, ૯.૩૦

**સ્ક્રીન-૫**
દંગલ
સવારે ૧૦.૦૦
ફ્રેન્ડ રિક્વેસ્ટ (હિન્દી)
૧૨.૪૫, ૩.૪૫,
૬.૪૫, ૯.૪૫



શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા કૉલેજ ખાતે વિવિધ ડેની ઉજવણીનો આરંભ ગુરુવારથી થયો છે. પ્રથમ દિવસે 'નેશન ડે'ની ઉજવણી વિદ્યાર્થીનીઓએ કરી હતી. ભારતના ધ્વજને અનુરૂપ રંગોનાં વસ્ત્રો ધારણ કરી વિદ્યાર્થીનીઓએ સુંદર પ્રતિકૃતિનું નિર્માણ પણ કર્યું હતું અને ભારતીય સેનાના જવાનો પ્રતિ પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

# આદર્શ ચૅરીટેબલ ટ્રસ્ટ દ્વારા સ્વેટર વિતરણ તથા બ્લડ ગૃપ ટેસ્ટનો ઉપક્રમ

ગાંધીનગર, તા. ૫

શ્રીમતી સોવનબા સુરસિંહજી રાઠોડ વિદ્યાલય, મહુડી ખાતે આદર્શ ચેરીટેબલ ફાઉન્ડેશન દ્વારા નિઃશુલ્ક સ્વેટર વિતરણ તથા વિદ્યાર્થી બ્લડ ગૃપ ટેસ્ટના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ફાઉન્ડેશનના ડિરેક્ટર સ્વર્ણા રાજપુરોહિત અને લલિતાબેનના સહયોગથી શાળાનાં ૬૨૫ જેટલાં બાળકોને સ્વેટર ભેટ ધરવામાં આવ્યાં હતાં અને વિદ્યાર્થીઓનું બ્લડ ગૃપ ટેસ્ટ



કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પધારેલા દાતા તેમજ તમામ અતિથિઓનું શાળાના આચાર્ય ચતુરસિંહ એસ રાઠોડ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. શાળાના પૂર્વ આચાર્ય કાળુસિંહ એન ગઢિયાએ ૧૯૮૨થી આજદિન સુધીની શાળાની પ્રગતિની રૂપરેખા આપી હતી. શ્રી સર્વ મંડળના મંત્રી અમરસિંહજી એસ રાઠોડ તથા મંડળના તમામ હોદ્દેદારો, શાળા પરિવારે ઉપસ્થિત રહી કાર્યક્રમને દીપાવ્યો હતો તથા બાળકોને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

# કાદવમાં કમળની જેમ સત્યની શોધ એટલે સાર્થકતા

**જીવન ઉપવન**
**મહેન્દ્ર એમ ત્રિવેદી**
mmtrivedi007@gmail.com

ધર્મગ્રંથો અને વિવિધ શાસ્ત્રો દ્વારા સમાજને માર્ગદર્શન તથા જીવન જીવવાની કેડીઓ મળતી હોય છે. પરિવારમાં સંતાન જન્મે છે ત્યારથી નિરીક્ષણ કરતાં-કરતાં તે મોટું થાય છે. તે ઘરનું વાતાવરણ, બોલચાલ, વર્તન, પાઠ-પૂજા, સારા-નરસા પ્રસંગો, ઉત્સવો, મેળાવડા વગેરે જોતાં જોતાં કંઈક નક્કર સંદેશા મનમાં રાખીને વિકસે છે કે ઉછરે છે ! આ સમગ્ર પ્રક્રિયાને સમાજ બાળઉછેર તરીકે જાણે છે. આ ઉછેર દરમિયાન જે પ્રાપ્ત થાય છે તે માનસપટ પરથી કદિ હટતું નથી. ભણતર તો સ્કૂલ સંલગ્ન ઘટના છે, પરંતુ સંસ્કાર માટે તો ઘર જ એક મંદિર બની રહે છે.

શ્રદ્ધાનો પૂંજ અને ઈશ્વર પરની આસ્થા બાળકોને ઘરના માહોલમાંથી જ પ્રાપ્ત થતી હોય છે. હવે જરા વિચાર કરો કે ઘરમાં જ ધર્મકર્મ નિયમિત થતું નથી અથવા તો નકારાત્મક જીવનશૈલીથી સૌ જીવી રહ્યા છે તો સંતાનના દિલમાં કોઈ ઉત્તમ ચીજ કેવી રીતે પ્રકાશ પામશે ? આપણે વિદેશી જીવન શૈલીના અતિ આશિક થઈ ગયા છીએ અને મધર્સ ડે, ફાધર્સ ડે, ફ્રેન્ડશીપ ડે, વૅલેન્ટાઈન્સ ડે વગેરે ધૂમધામથી ઉજવીએ છીએ પરંતુ આ બધા પાછળનું સારતત્ત્વ કોઈ લેવા કે જાણવા આતુર નથી. ઘરમાં જ મા-બાપ, દાદા-દાદી, ભાઈ-બહેન રહે છે. તેઓની લાગણીઓને કદી સમજવાની ખરી કોશિષ કરી છે ? વિવિધ દિન ઉજવવાની પરંપરરામાં માત્ર ભભકા યા દંભ થઈ ચૂક્યા છે તે કડવી હકિકત છે, તેમાં પણ પ્રૉફેશનલ વલણ વધુ પ્રેરક બળ પૂરવાર થયું છે.



વાસ્તવમાં ઉજવણી દિલમાં સર્જાતી હોય છે. ધર્મ, શ્રદ્ધા, સત્ય, કરુણા વગેરે માટે લગાવ હોવો જરૂરી છે. આ બધાની જીવનમાં કમી હશે તો ભૌતિક ચીજો અને સુવિધાઓ, સુખનો અહેસાસ નહીં જ કરાવી શકે. હનુમાનજી માતા સીતાની શોધમાં લંકાનગરીમાં પહોંચી જાય છે અને સ્થિતિ જોઈને મનમાં વિચારે છે કે આ લંકા રાવણની જ હોવી જોઈએ. પરંતુ એક સદ્‌ગૃહસ્થના ઘરમાં 'રામ રામ'ના જાપનો ધ્વનિ સાંભળીને એમને આશ્ચર્ય થયું. લંકામાં પણ કોઈ રામચાહક, રામભક્ત છે ખરો.

કાદવમાં ઉગેલા કમળને જોઈને માણસને ક્ષણભર વિચાર તો આવી જ જાય છે કે આ કાદવ ક્યાં અને કોમળ પુષ્પ ક્યાં ? કુદરત આપવા ચાહે તો શું નથી બની શકતું ? ઈશ્વરે આ સૃષ્ટિ ઉત્પન્ન કરી બધું જ વ્યવસ્થિત ચાલે તેનું પણ પ્રબંધન ખુદ ઈશ્વરે જ કર્યું છે. પણ માણસે બધાનો દાટ વાળી દીધો છે. કારણ કે કુદરતના ક્રમથી વિરુદ્ધ બધું સર્જન વિકાસના નામ ઉપર કર્યું છે, જેનાથી માણસ દુખી થઈ રહ્યો છે. સત્યની શોધ એ જીવનની સાચી દિશાની છેલ્લી શોધ છે. માણસ પોતાની સાથે સંવાદ કરતો જ નથી, ખુદને મળવાનું ટાળે છે અને હજાર મિટીંગો, વિઝીટો, ચર્ચાઓ કર્યા કરે છે. જેમાં લક્ષ્યાંકો, તણાવ, બંધન, જવાબદેહી, ચિંતાથી વિશેષ કશું જ હોતું નથી. વિચાર કરો કે જ્યાં અધર્મ હતો ત્યાં રામભક્ત વસી શકતો હતો.

બહુ જ સમજવા જેવી વાત છે કે સત્ય કદિ નાનું કે નૂરહિન કે લઘુમતીમાં હોતું નથી. વમ મેન આર્મી શક્ય હોય છે કારણ કે એ શ્રદ્ધાથી છલોછલ, નિર્ણાયક અને પ્રહારબદ્ધ વહેતી શક્તિનો સ્ત્રોત હોય છે. એક વ્યક્તિ મક્કમ બનીને જીવો તો તે બહુધા સફળ થાય છે. હવે આજના યુગની કથા એ છે કે બધાને જીવવા કરતાં ઝાઝુ રળવામાં રસ છે. મહેનત વિના મળે તો તેમાં જ બુદ્ધિ દોડાવીને સાત ભવનું આ જન્મારામાં કમાઈ લેવું છે. પછી ભગવાન કે ખુદા શી મદદ કરે અને શા માટે કરે ? પૈસા ઝાડ ઉપર ઉગતા નથી એટલે કૌભાંડો કરવાના હોય ! ભારત જેવા આટલા વિશાળ દેશમાં નૈતિકતાની જે કમી ઊભી થઈ છે તે સર્વથી ખતરનાક બાબત છે.

સર્વ ક્ષેત્રોમાં ભ્રષ્ટાચાર કૅન્સરની જેમ વ્યાપી ગયો છે. સૌ પતનની દિશામાં દોડતા જ જાય છે. હવે ઉમદા સંસ્કારોનું સિંચન કરો તો બાળક યુવા બનીને માબાપને ભાંડે છે કેમ કે તે કળિયુગના રાક્ષસો સામે બાથ ભીડવામાં પાછો પડે છે. આ હાલતમાં પરિવાર ખૂબ જ પરેશાની અનુભવે છે. ગાંધીજીએ સત્ય માટે નિષ્ઠાભાવ રાખવાની સલાહ સત્યના પ્રયોગોના માધ્યમથી આપી છે એ યાદ રાખીએ અને ગળથૂથીમાં જ ઉમદા તત્ત્વ બાળકને આપીએ આ આજની મોટી આવશ્યકતા છે.

# પી કે ચૌધરી કૉલેજ ખાતે હર્ષદભાઈ શાહનું વ્યાખ્યાન




ગાંધીનગર, તા. ૫

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આટ્‌ર્સ કૉલેજમાં ચાલતા સીડબલ્યુડીસી અંતર્ગત બાળ વિશ્વ વિદ્યાલયના નિવૃત્ત કુલપતિ હર્ષદભાઈ શાહનું માતૃભાષા સંસ્કાર વિષયે વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત કૉલેજનાં આચાર્ય ડૉ. ઊર્મિલાબેન ચૌધરીએ સ્વાગતથી કરી હતી. વક્તાનો પરિચય અને સ્વાગતવિધિ ડૉ. લીના સ્વાદિયાએ કર્યું હતું. હર્ષદભાઈ શાહે ગર્ભસ્થ શિશુ સંસ્કાર અને આ સંસ્કારમાં મુખ્ય માતૃભાષા સંસ્કાર વિશે વિગતે વાત કરી હતી. જોડણીની ભૂલોથી થતી અર્થઘટનની સમસ્યા, માતૃભાષાનું મહત્ત્વ અને ગૌરવ વિશે જાણકારી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન ડૉ. રાકેશભાઈ પટેલે કર્યું હતું. આભારવિધિ ડૉ. નરેન્દ્રભાઈ પટેલે કરી હતી. આ વકતવ્યનો લાભ કૉલેજની ૫૦૦ જેટલી વિદ્યાર્થીનીઓએ લીધો હતો.